Received on : 12-03-2026
Registered on : 12-03-2026
Decided on : 23-03-2026
Duration : Y M D
- - 11

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૧૯૪/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** શ્યામભાઈ મહેશભાઈ વસોયા,
ઉ.વ.આ.૨૫,ધંધો–વેપાર,
રહે.સરદાર પરા શેરી નં.૧,
સંકેત એપાર્ટમેન્ટ, બ્લોક નં.૩૦૨, જોષીપરા,
જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ–૩૧૭(૩),૩૧૭(૪), ૫૪, આઈ.ટી.એક્ટ–૬૬ (ડી) મુજબ.

**સંદર્ભ :–** મેંદરડા પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૦૨/૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી કે.બી.જોષી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હુ ક મ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ મેંદરડા પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧ ૨૦૩૦૩૯૨૬૦૦૦૨/૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૩),૩૧૭(૪), ૫૪, આઈ.ટી.એકટ-૬૬ (ડી) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર એમ.વી.રાઠોડ, પોલીસ ઈન્સ્પેકટર, મેંદરડા પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી કે.બી.જોષીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામે મેંદરડા પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૦૨/૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૩),૩૧૭(૪), ૫૪, આઈ.ટી.એકટ-૬૬ (ડી) મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. આ કામના અરજદાર/આરોપીની તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ અટક કરેલ છે અને તેઓના રીમાન્ડ મેળવવામાં આવેલ અને ત્યારબાદ નામદાર ટ્રાયલકોર્ટ સમક્ષ તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ હાજર રહેલ ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામે અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં.૩૧/૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરેલ હતી. જો કે, સદરહુ જામીન અરજી ગુનાની તપાસ નાજુક તબકકામાં હોય જે કારણસર નામંજુર કરેલ હતી. જો કે, હાલના

કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી પુરતી કોઈ તપાસ બાકી નથી. વધુમાં એફ.આઈ.આર.માં હાલના કામના આરોપીનું નામ નથી અને સહઆરોપીના નિવેદનના આધારે હાલના કામના અરજદાર/આરોપીની અટક કરેલ છે. આરોપીનું બેન્ક એકાઉન્ટ આ કામે ઉપયોગમાં લેવામાં આવેલ નથી. આમ, હાલના કામના અરજદાર/આરોપીનો પ્રત્યક્ષ કે પરોક્ષ રોલ રહેલ નથી. અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે, કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. વધુમાં હાલના કામનો ગુનો ધ્યાને લેતા મેજીસ્ટ્રેટ ટ્રાયબલ રહેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ પણ હાલના કામના અરજદાર/આરોપીએ કોઈ રકમ મેળવેલ હોય તેવું બનેલ નથી. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં.૩૧/૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીના એકાઉન્ટમાં સાયબર ફ્રોડની રકમ રૂપિયા ૨,૧૯,૭૫,૪૨૦/- (બે કરોડ ઓગણીસલાખ પંચોતેર હજાર ચારસો વીસ પુરા) જમા કરવામાં આવેલ છે. આમ, હાલના કામના ગુનાની ગંભીરતા તેમજ ફ્રોડની રકમ ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એમ.વી.રાઠોડ, પોલીસ ઈન્સ્પેકટર, મેંદરડા પોલીસ સ્ટેશનનાઓનું આંક-૦૬ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આરોપી ફીરોજ સુલેમાન રાનીયાએ પોતાના સ્ટેટ બેન્ક

ઓફ ઈન્ડીયાની મેંદરડા બ્રાન્ચની પરફેકટ ઓઈલ એજન્સીના એકાઉન્ટ નં .૪૩૦૨૮૩૩૨૮૮૮ માં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણતો હોવા છતાં અલગ અલગ માધ્યમથી સાઈબર ફ્રોડથી રૂા. ૨,૧૯,૭૫,૪૨૦/– (બે કરોડ ઓગણીસલાખ પંચોતેર હજાર ચારસો વીસ પુરા) મેળવેલ. જે રૂપિયા પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ ઓનલાઈન અલગ અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી સગેવગે કરી ગુનો કરેલ છે.

(૬) આ કામનું રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં.૩૧ /૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી જે નામંજુર કરવામાં આવેલ હતી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો, હાલના કામે અરજદાર/આરોપીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની મેંદરડા બ્રાન્ચના પરફેકટ ઓઈલ એજન્સીના એકાઉન્ટ નં.૪૩૦૨૮૩૩૨૮૮૮ માં ફ્રોડની રકમ જમા થયેલ હોવાનું જાણવા છતાં અલગ અલગ માધ્યમથી અલગ અલગ સમયે સાયબર ફ્રોડથી રૂા.૨,૧૯,૭૫,૪૨૦/– (બે કરોડ ઓગણીસલાખ પંચોતેર હજાર ચારસો વીસ પુરા) મેળવેલ. જે પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ અલગ અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી સગેવગે કરી ગુનો કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ છે અને તેઓની ગુનામાં મહત્વની ભુમીકા રહેલ છે. વધુમાં આ કામે અરજદાર તરફે રજુઆત કરેલ છે કે, આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા જોઈએ. જો કે, નામદાર ઉચ્ચકોર્ટે આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ગુનાના કામે ચાર્જશીટ થયેલ હોય તે માત્રથી કેસના સંજોગોમાં મહત્વનો ફેરફાર ગણી શકાય નહી. આમ, હાલના કામે સંજોગોમાં મહત્વનો કોઈ ફેરફાર થયેલ નથી. બલકે આ કામે ગુનાની તપાસ

પુર્ણ થતા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે. વધુમાં હાલના સમયમાં સાયબર ફ્રોડના કિસ્સા દિનપ્રતિદિન વધતા જાય છે. વધુમાં કોઈપણ વ્યકિત પોતાના આર્થીક લાભ સારૂ પોતાનું એકાઉન્ટ ભાડેથી કે કમીશનથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે પોતાનો આર્થીક લાભ મેળવવા માટે કોઈપણ પરીણામની પરવા કર્યા વિના પોતાનું એકાઉન્ટ આવી સાઈબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તે વ્યકિત ધ્વારા તેઓ ગુના બાબતે કશું જાણતા નથી તે બાબતે લુલો બચાવ લેવામાં આવતો હોય છે. હકીકતે આવા પ્રકારના ગુના આચરવાના કારણે સમાજમાં રહેલ બાળકથી માંડીને વૃધ્ધો સુધીના લોકોના નાણા સાઈબર ફ્રોડના સકંજામાં આવી જઈ નાણા ગુમાવતા હોય છે. ઘણા કિસ્સાઓમાં જે તે વ્યકિત પોતાની નિવૃતિ બાદની રકમ અથવા તો પોતાની મરણમુડી સાચવી રાખેલી હોય તે સાઈબર ફ્રોડનો ભોગ બનવાથી તેની સમગ્ર રકમ ખોઈ બેસતી હોય છે અને તે કારણસર ઘણા કિસ્સાઓમાં વ્યકિત ખુબજ આઘાતમાં પહોંચી જાય છે અને તે કારણસર આત્મહત્યા પણ કરતી હોય છે. આમ, આ કામનો ગુનો ધ્યાને લેતા તે સમાજ વિરોધી અને ગંભીર પ્રકારનો ગુનો રહેલ છે. વધુમાં આવા ગેરકાયદેસરની પ્રવૃતિમાંથી ઉદભવેલ નાણાનો દેશ વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થતો હોય છે તેમજ આવા નાણા એક આર્થીક પ્રકારનો ગુનો પણ રહેલ છે. જે દેશની અર્થવ્યવસ્થાને પણ નુકશાન પહોંચાડે છે. આમ, આવા ગુના દેશ વિરોધી પ્રવૃતિ ગણી શકાય. તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ઘણી વધી જાય છે. હાલના કામના ગુનાની તપાસ નાજુક તબકકામાં રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાું આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેમ હોવાનું ફરીયાદપક્ષની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સાયબર ફ્ ોડમાં સંડોવાયેલ વ્યકિતઓને આવા પ્રકારના ગુના આચરવામાં પ્રોત્સાહન મળે તેમ

છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

- હાલના અરજદાર/આરોપી શ્યામભાઈ મહેશભાઈ વસોયા, રહે.સરદાર પરા શેરી નં.૧, સંકેત એપાર્ટમેન્ટ, બ્લોક નં.૩૦૨, જોષીપરા, જુનાગઢવાળાની મેંદરડા પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૩૦૩૯૨૬૦૦૦૨/૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૭ (૩), ૩૧૭(૪), ૫૪, આઈ.ટી.એકટ-૬૬ (ડી) મુજબના ગુનાના કામની હાલની રેગ્યુલર જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)